કમેલા દરવાજાથી સ્ટેશન સુધીના 1 કિમી રસ્તામાં જ અસંખ્ય ખાડાઓ લોકોની કમર તોડી રહ્યા છે

■ એક તરફ વરસાદ અને બીજી તરફ મનપા તંત્રની નિષ્ફળતાને કારણે શહેરના સૌથી વધુ ટ્રાફિક ધરાવતા રિંગરોડની હાલત તો ખાસ કરીને દયનીય બની છે. એક તરફ સીટકોનું બસ સ્ટેશનથી સહારા દરવાજા સુધીનું કામ ચાલી રહ્યું છે, તો બીજી તરફ મેટ્રોનું કામ પણ ધમધમી રહ્યું છે. ચારે તરફ બેરિકેડિંગ વચ્ચે સાંકડા બનેલા રિંગરોડ પર વાહનોનો ભારે ધસારો રહે છે અને તેમાં પણ રસ્તા પર પડેલા ખાડાઓએ વાહનચાલકોની હાલાકી અનેકગણી વધારી દીધી છે. બસ સ્ટેશનથી કમેલા દરવાજા સુધીના માત્ર અંદાજે એક કિલોમીટરના રસ્તાની વાત કરીએ તો અનેક સ્થળે રસ્તો નામ પૂરતો જ બચ્યો હોય તેવી સ્થિતિ છે. ક્યાંક એક મીટર જેટલા ખાડા તો ક્યાંક 50-50 મીટર સુધીના લાંબા પટ્ટામાં રસ્તો ઉખડી ગયો છે. જો રિંગરોડ જેવા અત્યંત મહત્ત્વના અને સતત ધમધમતા રસ્તાનું સમયસર રિપેરિંગ થયું હોત તો માત્ર ત્રણ-ચાર ઈંચ વરસાદમાં ફરી રસ્તો ઉખડી પડ્યો હોત ખરો? ખાડામાં વાહન પટકાતા લોકોની કમર તૂટી રહી છે રસ્તા બનાવવામાં કરોડો રૂપિયા ખર્ચાતી મનપા થોડા વરસાદમાં જ રસ્તો ફરી ધોવાઈ જાય ત્યારે જવાબદારી કોની તે નક્કી કરવામાં કેમ નિષ્ફળ જાય છે?

ફૂડ પોઈઝનિંગની મોડી જાણ કરનાર પી.પી.સવાણી ગ્રુપને 1 લાખનો દંડ

પીપી સવાણી ઈન્સ્ટિટ્યુટમાં 100થી વધુ વિદ્યાર્થીઓને ખોરાક લીધા બાદ તબિયત બગડી ગઈ હતી

મનપા દ્વારા જે તે સમયે સેમ્પલ લેવામાં આવ્યા હતા, પીપી સવાણીએ ઘટના બની તેની મોડી જાણ કરી હતી

આ ઘટનાને પગલે આખા રાજ્યમાં મેસ અને હોસ્ટેલમાં ચેકિંગ શરૂ કરાયું હતું

સુરતઃ સુરતના પી.પી. સવાણી ઈન્સ્ટિટ્યૂટમાં ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના સામે આવ્યા બાદ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે સંસ્થાના સંચાલકો સામે કાર્યવાહી કરી છે. ફૂડ પોઈઝનિંગની ઘટના અંગે તાત્કાલિક જાણકારી આપવાની ફરજ હોવા છતાં મનપાના તંત્રને સમયસર જાણ ન કરવામાં આવતાં ઈન્સ્ટિટ્યૂટને રૂ.1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પી.પી. સવાણી ઈન્સ્ટિટ્યૂટમાં અગાઉ 100થી વધુ વિદ્યાર્થીઓને ખોરાક લીધા બાદ તબિયત લથડવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં મનપાના આરોગ્ય વિભાગે સ્થળ પર તપાસ હાથ ધરી ખાદ્ય પદાર્થોના નમૂના લીધા હતા અને મેસ તથા રસોડાની સ્વચ્છતા સહિતની વ્યવસ્થાની ચકાસણી કરી હતી. આ ઘટનાના પગલે મનપાએ શહેરની વિવિધ મેસ અને હોસ્ટેલમાં પણ ચેકિંગ અભિયાન શરૂ કર્યું હતું. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ફૂડ પોઈઝનિંગ જેવી ઘટના છુપાવવી કે તેની જાણ કરવામાં વિલંબ કરવો એ ગંભીર બાબત છે.

પ્રોસેસર્સ દ્વારા જોબચાર્જમાં 15 ટકાનો વધારો કરવામાં આવતાં

ગ્રેના ભાવમાં પણ 15થી 20 ટકા વધશે

જૂના ભાવે ગ્રે કાપડ વેચવાને બદલે વધેલા ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને જ વેચાણ કરવા ફોગવા પ્રમુખ અશોક જીરાવાળાની અપીલ

સુરત : સુરતના વિવિંગ ઉદ્યોગમાં યાર્નના સતત વધી રહેલા ભાવ વચ્ચે હવે ગ્રે કાપડના ભાવ વધારવાની તૈયારી શરૂ થઈ છે. યાર્ન સહિતના વિવિધ ઈનપુટ કોસ્ટમાં વધારો થતાં વિવરોના ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ફોગવા દ્વારા વિવરોને ગ્રે કાપડના ભાવમાં 15થી 20 ટકા સુધીનો વધારો કરીને જ માલ વેચવા અપીલ કરવામાં આવી છે.

ફોગવાના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી યાર્નના ભાવમાં સતત વધઘટ અને વધારા વચ્ચે વિવરોની ઉત્પાદન પડતર વધી રહી છે. વીજળી, મજૂરી, મશીનરીના મેન્ટેનન્સ સહિતના અન્ય ખર્ચ પણ વિવિંગ ઉદ્યોગના ખર્ચ માળખા પર અસર કરી રહ્યા છે.

આવા સંજોગોમાં બજારમાં વેચાણભાવમાં તે પ્રમાણમાં વધારો નહીં થાય તો ઉદ્યોગની નાણાકીય સ્થિતિ વધુ તંગ બની શકે છે. તેથી સુરતના ગ્રે કાપડ બજારમાં આગામી દિવસોમાં ભાવમાં વધારો જોવા મળે તેવી શક્યતા છે. જોકે, બજારમાં માંગ, તૈયાર કાપડની ઉપલબ્ધતા અને વેપારીઓની ખરીદશક્તિ જેવા પરિબળો ભાવવધારાને કેટલો પ્રતિસાદ મળે છે તે નક્કી કરશે. હાલની બજારની સ્થિતિ જ એવી છે કે ભાવ વધારો કર્યા વિના પ્રોસેસર્સ કે વિવર્સનો છૂટકો જ નથી.

દોરા માર્કેટમાં ભાવવધારાની અસર, વિસ્કોસ એમ્બ્રોઇડરી યાર્ન 12% મોંઘું થયું

સુરતના દોરા માર્કેટમાં કાચા માલના ભાવમાં સતત થઈ રહેલા વધારાની સીધી અસર હવે એમ્બ્રોઇડરી યાર્નના ભાવ પર જોવા મળી રહી છે. વિસ્કોસ એમ્બ્રોઇડરી યાર્નના ભાવમાં છેલ્લા ચાર મહિનામાં આશરે 12 ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, યાર્નના ઉત્પાદનમાં વપરાતા વિવિધ રો મટીરીયલના ભાવમાં પણ 40 ટકા સુધીનો ઉછાળો આવ્યો હોવાનું ઉદ્યોગકારો જણાવી રહ્યા છે. પોલિએસ્ટર તથા સ્પન એમ્બ્રોઇડરી યાર્નના ભાવમાં પણ 35 ટકા સુધીનો વધારો નોંધાયો છે. કાચા માલના ભાવમાં આટલા મોટા વધારાથી ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થતાં દોરા ઉત્પાદકો અને વેપારીઓ પર આર્થિક દબાણ વધ્યું છે. જો કાચા માલના ભાવમાં વધુ વધારો થશે તો આગામી દિવસોમાં દોરાના ભાવ પર વધુ દબાણ સર્જાઈ શકે છે. આ સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને સિક્યોર એમ્બ્રોઇડરી થ્રેડ એન્ડ જરી એસોસિએશન (SETJA)ના પ્રમુખ તુષાર કુંવાડિયા, મંત્રી અર્જુન ખોખરીયા, સહમંત્રી ભાવેશભાઈ કાવઠિયા, મહેશભાઈ જોધાણી દ્વારા ઉદ્યોગકારોની સમસ્યાઓ અંગે જરૂરી રજૂઆત કરવાની તૈયારી કરવામાં આવી છે. એસોસિયેશનના હોદ્દેદારોના જણાવ્યા મુજબ, કાચા માલના ભાવમાં થઈ રહેલા વધારા સહિતના મુદ્દાઓ સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરી ઉદ્યોગના હિતમાં યોગ્ય પગલાં લેવા માટે પ્રયાસ કરવામાં આવશે. સંસ્થા દ્વારા દોરા ઉદ્યોગ સામે ઊભા થયેલા ભાવવધારાના પડકાર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

બિલ્ડરને ૪ કરોડ ઘીરી ૩.૧૬.૬૨ કરોડની પઠાણી ઉઘરાણી કરાઈ !

નાના વરાછાના બિલ્ડરે ૧.૩૦ કરોડ વ્યાજ ચૂકવ્યું છતાં ૬.૭૦ કરોડના ચેક રિટર્ન કરાવી ખોટા કેસો કર્યા

જીતેન્દ્ર પટેલ સહિત ત્રણ સામે સરથાણામાં ગુનો નોંધાયો

સુરતઃ નાના વરાછા વિસ્તારમાં રહેતા અને બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા બિલ્ડરને બાંધકામના કામ માટે ૩.૪ કરોડ 3 ટકાના માસિક વ્યાજે આપ્યા બાદ રિવર્સમાં ૩.૧૬.૬૨ કરોડની પઠાણી ઉઘરાણી કરી ત્રાસ અપાયો હોવાની ફરિયાદ સરથાણા પોલીસમાં નોંધાઈ છે.

નાના વરાછા સ્થિત ગાર્ડનગેટ એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ અમરેલીના લાઠીના વતની રાજુભાઈ રવજીભાઈ દેસાઈ (ઉ.વ.૪૨) છેલ્લા ૧૫ વર્ષથી સુરતમાં બાંધકામનો વ્યવસાય કરે છે. તેમના કામરેજના લસકાણા સ્થિત 'સિદ્ધિવિનાયક' પ્રોજેક્ટ માટે નાણાંની જરૂરિયાત ઊભી થતાં પરેશભાઈ કાકડીયા મારફતે જીતેન્દ્ર લક્ષ્મણભાઈ પટેલ (જીતુ પટેલ)નો સંપર્ક થયો હતો. જીતેન્દ્ર પટેલે માસિક 3 ટકાના ઊંચા વ્યાજદરે ૪ કરોડ આપવાનું નક્કી કરી સિક્યોરિટી પેટે લસકાણાની બ્લોક નં. ૫૯/બ વાળી જમીનનો ભાડા કરાર પંકજ બગડીયાના નામે તથા કબજા વગરનો સાટાખત જીતેન્દ્રના નામે કરાવી લીધો હતો. આ ઉપરાંત રાજુભાઈના HDFC બેંકના ૪ કોરા ચેક પણ મેળવી લીધા હતા. પરેશ કાકડીયાએ વચેટિયા તરીકે ૩.૩૫ લાખ કમિશન પેટે કાપી લીધા હતા. બિલ્ડર રાજુભાઈએ જીતેન્દ્ર પટેલને સમયસર ૩.૧.૩૦ કરોડ વ્યાજ પેટે ચૂકવી આપ્યા હતા. આરોપીઓએ ૩.૪ કરોડની મૂળ રકમ સામે વ્યાજ અને પેનલ્ટી ગણીને ૩.૧૬.૬૨ કરોડની માંગણી કરી હોવાનું કોલ રેકોર્ડિંગમાં સામે આવ્યું હતું. આરોપી જીતેન્દ્ર પટેલે સિક્યોરિટી પેટે લીધેલા કોરા ચેકોમાં પોતાની રીતે ૩.૬.૭૦ કરોડની રકમ ભરી બેંકમાં જમા કરાવી ચેક રિટર્ન કરાવ્યા હતા અને બિલ્ડર સામે ડીસીબી પોલીસ સ્ટેશન તથા કોર્ટમાં એન.આઈ. એક્ટ હેઠળ ખોટા કેસો દાખલ કરાવ્યા હતા. સરથાણા પોલીસની તપાસમાં આરોપી જીતેન્દ્ર પટેલ, પંકજ બગડીયા અને પરેશ કાકડીયાના નિવેદનોમાં વિસંગતતા સામે આવી હતી. આથી સરથાણા પોલીસે જીતેન્દ્ર લક્ષ્મણભાઈ પટેલ (રહે., સુરત), પંકજ બગડીયા અને પરેશ ગણેશભાઈ કાકડીયા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બોગસ ટાઈટલ દર્શાવી પ્લોટ પધરાવી જ્ઞાનભારતી સ્કૂલના સંચાલક સાથે ઠગાઈ

ડિંડોલીની જ્ઞાનભારતી સ્કૂલના સંચાલકે ભટાર અને અડાજણના દલાલો સહિત 3 સામે નોંધાવી ફરિયાદ

સુરતઃ ભીમપોર ગામમાં આવેલી 'માધવ નગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી'ના પ્લોટના ટાઈટલ ક્લિયર હોવાની ખોટી ખાતરી આપી શાળા સંચાલક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ભટાર રોડ પર આવેલી એટોપ નગરમાં રહેતા અને નવાગામ ડિંડોલી ખાતે 'જ્ઞાનભારતી હાયર સેકેન્ડરી સ્કૂલ' ચલાવતા ૬૯ વર્ષીય જગદીશ્વરનાથ ચંદ્રભૂષણ ત્રિપાઠીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૯માં તેમની મુલાકાત જમીન લે-વેચનો ધંધો કરતાં દલાલ ગૌરવ ભોલારામ સલુજા (રહે., મધુલિકા એપાર્ટમેન્ટ, ભટાર રોડ) અને વિષ્ણુકુમાર સત્યનારાયણ બુબના (રહે., ચિત્રકૂટ એપાર્ટમેન્ટ, અડાજણ) સાથે થઈ હતી. બંને દલાલોએ ભીમપોર ગામતળની જમીનમાં 'માધવ નગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી'ના પ્લોટ નં. ૧૩૩૧ થી ૧૩૩૫ (કુલ ૫ પ્લોટ) બતાવી તેના ટાઈટલ સંપૂર્ણ ક્લિયર હોવાનો વિશ્વાસ આપતા પ્લોટો ખરીદ્યા હતા.

ઓગસ્ટ-૨૦૨૫માં જગદીશ્વરનાથ પ્લોટ પર સાફ-સફાઈ અને બાઉન્ડ્રી વોલનું કામ કરાવવા ગયા ત્યારે સ્થાનિક રહીશોએ જગ્યા પોતાની હોવાનું કહી કામ અટકાવ્યું હતું. ત્યારબાદ જગદીશ્વરનાથે મિલકતના બોજા અંગેના સરકારી પત્રકો (ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન) કઢાવતા માલૂમ પડ્યું હતું કે, પ્લોટ નં. ૧૩૩૩ અગાઉથી જ વિવાદિત હતો. સરકારી દફ્તરેથી મળેલી વિગતો મુજબ, આરોપી જયેશકુમાર મંગળભાઈ પટેલ (રહે. અર્ચના સોસાયટી, કતારગામ) નામે પ્લોટ નંબર ૧૩૩૩ વર્ષ ૨૦૧૫માં પ્રથમ પૂજન રીતેનકુમાર શાહને વેચ્યો હતો. ત્યારબાદ જયેશ પટેલે પ્લોટ બીજી વખત જ્યોતીબેન કુલકર્ણીને વેચી દઈ ટાઈટલમાં ખામી ઊભી કરી હતી. બાદમાં આ પ્લોટ રાકેશકુમાર અગ્રવાલ પાસે આવ્યો હતો. દલાલ ગૌરવ સલુજા અને વિષ્ણુકુમાર બુબનાએ આ પ્લોટ અગાઉ બે વાર વેચાયેલો હોવાનું જાણવા છતાં રાકેશ અગ્રવાલ મારફતે ખામીયુક્ત પ્લોટ જગદીશ્વરનાથને વેચાવી મોટી રકમ પડાવી લીધી હતી. ડુમસ પોલીસે આ મામલે આરોપી જયેશ મંગળભાઈ પટેલ, ગૌરવ ભોલારામ સલુજા અને વિષ્ણુકુમાર સત્યનારાયણ બુબના સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શોર્ટસર્કિટનેકારણેઆગલાગતાં બિલ્ડિંગનાં 50 મીટર બળી ગયાં

વેસુના કેપિટલ ગ્રીન એપાર્ટ.ના બેઝમેન્ટમાં મીટર પેટીમાં લાગેલી આગને કારણે દોડાદોડી થઈ ગઈ

ફાયરે પહેલા પાર્ક કરેલાં વાહનો કાઢ્યાં અને બાદમાં અડધા કલાકમાં આગને કાબૂમાં લીધી

સુરતઃ શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે કેપિટલ ગ્રીન બિલ્ડિંગના બેઝમેન્ટમાં મીટર પેટીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગની લપેટમાં એકસાથે 50થી વધુ મીટરો બળીને ખાખ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં વેસુ અને રૂઢ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.વેસુમાં શ્યામબાબા મંદિરની સામે આવેલા કેપિટલ ગ્રીન બિલ્ડિંગમાં રાત્રે 12 વાગ્યે આગ લાગ્યાનો કોલ ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. કોલ મળતાની સાથે જ ફાયર ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે, કેપિટલ ગ્રીન બિલ્ડિંગમાં કુલ 10 જેટલા ટાવર આવેલા છે. આગ પ્રથમ બેઝમેન્ટ વિસ્તારમાં મીટર પેટીમાં લાગી હતી. મીટર પેટીમાં આગ લાગવાને કારણે બેઝમેન્ટમાં મોટા પ્રમાણમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. આગની ગંભીરતા જોતા ફાયર ટીમે સૌપ્રથમ સેકન્ડ બેઝમેન્ટમાં પાર્ક કરાયેલા વાહનો બહાર કાઢવાની સૂચના બિલ્ડિંગના રહેવાસીઓને આપી હતી.

ફાયરે અંદાજે અડધા કલાક સુધી કવાયત હાથ ધરી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી ન હતી કે જાનહાનિ થઈ ન હતી. આગ કાબૂમાં આવતાં રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

મનપાના કર્મચારીઓ-પેન્શનરોને દવા પર 20 ટકા ડિસ્કાઉન્ટ યથાવત્

12 મેડિકલ સ્ટોર્સને 10 ઓગસ્ટથી 9 ઓગસ્ટ 2027 સુધી મંજૂરી આપવા દરખાસ્ત

સુરત : સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓ, અધિકારીઓ, નિવૃત્ત પેન્શનરો, નગરસેવકો અને તેમના પરિવારજનો માટે તબીબી રાહત આપતી યોજના આગળ ધપાવવામાં આવી રહી છે. મનપા સંચાલિત હોસ્પિટલો કે હેલ્થ સેન્ટરોમાં જરૂરી દવાઓ ઉપલબ્ધ ન થાય તેવા કિસ્સામાં બહારના માન્ય સ્ટોર પરથી ખરીદી કરવા બદલ મળતી 20 ટકા વળતરની સુવિધા ચાલુ રાખવા નવું માળખું ઘડી કાઢવામાં આવ્યું છે.

અગાઉના સ્ટોર્સની મુદત પૂર્ણ થવાથી નવી પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં પ્રાપ્ત થયેલી તમામ 12 મેડિકલ સ્ટોર્સની અરજીઓ નિયમાનુસારના દસ્તાવેજો અને ઈએમડી રજૂ થતાં સ્વીકારી લેવામાં આવી છે.

આ નવી જોગવાઈ અનુસાર સેન્ટ્રલ ઝોન, વરાછા ઝોનના અને અઠવા વિસ્તારના પસંદગી પામેલા સ્ટોર્સને 10 ઓગસ્ટ 2026 થી 9 ઓગસ્ટ 2027 સુધીના એક વર્ષના સમયગાળા માટે માન્યતા આપવા હોસ્પિટલ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે.

જો આ સમયગાળા દરમિયાન મનપાની 50 બેડની હોસ્પિટલમાં મંજૂર એજન્સી મારફતે મેડિકલ સ્ટોર શરૂ થઈ જાય તો તે પહેલાં જ આ વ્યવસ્થા સમાપ્ત થશે. આ ઉપરાંત ભાઠેના, પાલ, કોસાડ અને બમરોલી સ્થિત અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે કાર્યરત ચાર મેડિકલ સ્ટોર્સને પણ એક વર્ષનું એક્સટેન્શન આપવાની દરખાસ્ત હોસ્પિટલો કમિટીની મંજુરી માટે મોકલવામાં આવી છે.

વરાછાના પ્રસિદ્ધ જગદીશ્વર મહાદેવ મંદિરમાં ગટરના પાણી ફરી વળ્યા

ગંદું પાણી ગર્ભગૃહ સુધી પહોંચી ગયું, નેતાઓને ફોટો સેશન બંધ કરી ડ્રેનેજ સમસ્યા કાયમી ઉકેલવા માંગ

સુરતઃ સુરતમાં વરાછા સ્થિત જગદીશ નગર સોસાયટીમાં આવેલા પ્રસિદ્ધ જગદીશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સુરત મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. આજે સવારે ડ્રેનેજ લાઈન ઉભરાતાં ગટરનું દુર્ગંધયુક્ત ગંદુ પાણી મંદિરના ગર્ભગૃહમાં ઘૂસીને સીધું શિવલિંગ સુધી પહોંચી ગયું હતું. સમગ્ર મંદિરમાં દૂષિત પાણી અને દુર્ગંધ ફેલાઈ જતાં પવિત્રતા જોખમાઈ હતી, જેના કારણે શ્રદ્ધાળુઓ માટે દર્શન તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી હતી. મંદિરના પૂજારી સંતોષગીરી બાપુ તેમજ સ્થાનિક અગ્રણીઓ યોગેશ વાઘેલા અને અનિલ વંશે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ અંગે અગાઉ વારંવાર રજૂઆતો કરવા છતાં મનપા તંત્ર દ્વારા માત્ર રજા કે તહેવારોના બહાના બતાવી ઢીલી કામગીરી કરવામાં આવે છે. થોડા દિવસો પૂર્વે જ મેયર માયાબેન તથા સ્થાનિક ધારાસભ્ય પ્રવીણ ઘોઘારી સહિતના ભાજપના નેતાઓ મંદિર પરિસરમાં સફાઈ અભિયાનના નામે ઝાડુ પકડીને સફાઈ કરતાં ફોટા સામે આવ્યા હતા. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે નેતાઓને જન્મદિવસની ઉજવણી, રાજકીય બેઠકો કે પબ્લિસિટી માટે જ મંદિર યાદ આવે છે.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી.ગોએન્કા સ્કૂલ દ્વારા 'યાદોની કેડીએ' થિમ પર દાદા-દાદી દિવસ ઉજવાયો

સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત ખાતે જુનિયર કે.જી.ના વિદ્યાર્થીઓ માટે દાદા-દાદી દિવસની હૃદયસ્પર્શી ઉજવણી "Walking Down the Memory Lane - યાદોની કેડીએ" થીમ સાથે કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉત્સાહપૂર્ણ માર્ચિંગ બેન્ડ સાથે થઈ હતી. ત્યારબાદ નાનકડા ગોએન્કન્સે મનમોહક અને ઉત્સાહભરી નૃત્ય પ્રસ્તુતિઓ દ્વારા પોતાના દાદા-દાદીનું મનોરંજન કર્યું હતું. કાર્યક્રમની એક વિશેષ વિશેષતા એ રહી કે વિદ્યાર્થીઓએ પોતે જ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આયોજન શ્રીમતી અંકિતા મુલિયા, ડીન - પ્રી-પ્રાઇમરી, દ્વારા કરાયું અને જંકી પટેલ, પ્રિ-પ્રાયમરીના એસોસિયેટ ડીન અને સેકશન એક્ટિવિટી સિંગલ હેડ, દ્વારા ડો. શ્રુતિ અગ્રવાલ - શૈક્ષણિક નિયામક અને આચાર્ય અને ડો. શિલ્પા સૂર્યા, એસોસિયેટ એકેડેમિક ડિરેક્ટરના માર્ગદર્શન હેઠળ અમલ કરાયું હતું. વ્યવસ્થાઓ અને કામગીરીની જવાબદારી ડો. સેજલ ઠક્કર, ડિરેક્ટર - ઓપરેશન્સ, દ્વારા સંભાળવામા આવી હતી.

'યાદો કે સહારે' સંગીતમય શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

સુરતઃ શહેરના તારામતી હોલ ખાતે તા. ૧૩મીને રવિવારે રાત્રે ૮-૩૦ કલાકે 'યાદો કે સહારે' નામે કિશોરકુમાર, આશા ભોંસલે અને લતા મંગેશકરના અમર સંગીતને સમર્પિત સંગીતમય શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. કાર્યક્રમમાં કેતન દેસાઈ, સંજય મહેતા, મહેશ ચૌધરી, નરેન્દ્ર પટેલ, ડો. સંજીવ જૈન, ડો. રાજીવ પ્રધાન , ધ્રુપદ કંથારીયા, જતિન કવિવાલા, મીતા શાહ , દિવ્યા અગ્રવાલ, ખાતૂન પઠાણ, બિનિતા ચેવલી , તૃષ્ણા રામવાલા અને લક્ષ્મી યુનિયલે વિવિધ ગીતો રજૂ કર્યા હતા. સંચાલન તપન કર્ણિક દ્વારા કરાયું હતું.

થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે સચિન ઇન્ડસ્ટ્રિયલ અને પોલીસની આજે મહારક્તદાન શિબિર

સુરતઃ સુરત શહેર પોલીસ, સચિન જીઆઈડીસી, હોજીવાલા ઈન્ડસ્ટ્રી તેમજ સુરત ઈકોનોમિક ઝોનના ઉદ્યોગકાર પ્રતિનિધિઓ સાથે મંગળવારે બપોરે સચિન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સોસાયટીના ભવનમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે બુધવારે એલ.ડી હાઈસ્કૂલ ખાતે સવારે 9થી સાંજે 5 દરમિયાન બુધવારે થનારા મહારક્તદાન શિબિર અંગે બેઠક યોજાઈ હતી. આ મિટીંગ એસીપી નીરવસિંહ ગોહિલ, સચિન જીઆઈડીસી પોલીસ મથકના પી.આઈ કુલદીપસિંહ ગોહિલ, સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસા.ના પ્રમુખ મયૂર ગોળવાલા,સચિન પ્રોસેસર્સ એસો.ના પ્રમુખ વિનોદ અગ્રવાલ, અગ્રણી ઉદ્યોગકાર મિતુલભાઈ મહેતા, ડિરેક્ટર-ઉદ્યોગકાર બાવચંદ અંટાળા, ગિરિશભાઈ રાખોલીયા, ખજાનચી ભીખુભાઈ નાકરાણી,ગૌરાંગ ચપટવાલા, ગુજરાત ઉત્તર ભારતીય સેવાસંઘ પ્રમુખ અજિતસિંહ રાજપૂત તેમજ કેમિકલ તેમજ એસઈઝેડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ-ઉદ્યોગકારોએ હાજરી આપી હતી.

વેસુ લબ્ધિભૂમિના પ્રાંગણમાં બારસાસૂત્રનું આચાર્ય અજિતયશસૂરીશ્વરજીએ શ્રવણ કરાવ્યું

સુરતઃ પ્રકાંડ વિદ્વાન સાધનામનીષી, શ્રેષ્ઠ સદગુરુ આ.ભ. અજિતયશસૂરીશ્વરજી મહારાજાએ વેસુ લબ્ધિભૂમિના પ્રાંગણમાં મુખપાઠ બારસાસૂત્રનું શ્રવણ કરાવતા ઉપસ્થિત હજારો શ્રોતાઓના અંતર ગદગદ થઈ ગયું હતું.

સંવત્સરી ભૂલોને ભૂલી જવાનું પર્વ છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં સંવત્સરિ મહાપર્વની ભવ્ય ઉજવણી આરાધના, સાધના, તપ, ત્યાગ અને પ્રતિક્રમણ દ્વારા થઈ હતી. વર્ષમાં ઉપાશ્રયનું પગથિયું પણ નહીં ચડનારા એવા કેટલાક પુણ્યવાન આત્માઓ આજના દિવસે તો અવશ્ય આવતા હોય છે. બારસાસૂત્રનું વાંચન કર્યું હતું, જેમાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. સંવત્સરિ પર્વનું માહાત્મ્ય સમજાવતા આચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે કહ્યું હતું કે, ભૂલોને ભૂલી જવાનું આ પર્વ છે. આત્મશુદ્ધિનું આ પર્વ છે.

અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ દ્વારા મહારાજા અગ્રસેનનો જયંતી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

સુરતઃ અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ, ડુમસ દ્વારા આ વખતે મહારાજા અગ્રસેનજીનો જયંતી મહોત્સવ ભવ્ય અને યાદગાર ઉજવવામાં આવશે. ટ્રસ્ટના પ્રમુખ સંજય જાલાને જણાવ્યું કે. મહોત્સવની શરૂઆત 19 સપ્ટેમ્બરે થશે અને પૂર્ણાહુતિ 11 ઓક્ટોબરે થશે. મંત્રી વિશ્વનાથ પચેરીયાએ જણાવ્યું કે આ વર્ષે જયંતી મહોત્સવમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર પ્રતિભાઓને 'અગ્ર ગૌરવ અચિવમેન્ટ એવોર્ડ' આપીને સન્માનિત કરવામાં આવશે. બેઠકમાં ટ્રસ્ટના ખજાનચી નિતેશ અગ્રવાલ, જયંતીના મુખ્ય સંયોજક રતનલાલ દારૂકા, મહિલા શાખાના પ્રમુખ કિરણ ચોકડીકા, યુવા શાખાના પ્રમુખ પ્રદીપ અગ્રવાલ સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઇન્દોરમાં ફેડરેશન ઓફ હૂમડ જૈન સમાજની કાર્યકારિણીની શપથવિધિ યોજાઈ

સુરતઃ ઇન્દોરના મનમોહન હોલ ખાતે ફેડરેશન ઓફ હૂમડ જૈન સમાજ - આંતરરાષ્ટ્રીય સંગઠનની આંતરરાષ્ટ્રીય કાર્યકારિણીની ભવ્ય બેઠક તથા શપથવિધિ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિપિન ગાંધીએ આગામી બે વર્ષ માટે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તથા મહેન્દ્રજી બંડીએ રાષ્ટ્રીય મહામંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. કપિલ શાહની ગુજરાત પ્રોવિન્સના અધ્યક્ષ તરીકે તથા લતા ઘીવાલાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાતના અધ્યક્ષ, ગુજરાત પ્રોવિન્સ ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.